# વીજ અકસ્માતના કિસ્સામાં ચૂકવવામાં આવતી સહાય

## (૧) વીજ તંત્રના નેટવર્કમાં વીજ અકસ્માતને લીધે થતા માનવ અને પ્રાણીના મૃત્યુના કિસ્સામાં શું સહાય આપવામાં આવે છે. - અને તેની પ્રક્રિયા શું છે?

### જવાબ

- ઇલેક્ટ્રિસિટી એક્ટ ૨૦૦૩ના કલમ ૧૬૧ પ્રમાણે જ્યારે પણ વીજ કંપનીને માનવી કે પ્રાણીને પ્રાણ-ઘાતક અકસ્માતની જાણ થાય ત્યારે ઇલેક્ટ્રિસિટી એક્ટ ૨૦૦૩ના પ્રોવિઝન મુજબ ૨૪ કલાકમાં દર્શાવેલ પ્રફોર્મા પ્રમાણેની વિગતો ભરીને વિદ્યુત નિરીક્ષકને મોકલવામાં આવે છે. સદર વિગતોની સાથે લાગુ પડતી વીજ કંપનીની પેટા વિભાગીય કચેરીના નાયબ ઇજનેરશ્રી દ્વારા ભરવામાં આવેલ તપાસણી રોપોર્ટ જોડવામાં આવે છે.
- વિધુત નિરીક્ષકના સક્ષમ અધિકારી દ્વારા સદર વીજ અકસ્માતની સ્થળ તપાસ કરી અને થયેલ અકસ્માત વિશેનો અહેવાલ તૈયાર કરવામાં આવે છે.
- વીજ અકસ્માતની બનેલી ઘટના જે પેટા-વિભાગીય કચેરીને લાગુ પડતી હોય તેના અધિકારી દ્વારા અકસ્માતનો ભોગ બનનારના વારસદારો પાસેથી જરૂરી માહિતી જેવા કે પોલીસ પંચનામાની નકલ, પોસ્ટમોર્ટમ રીપોર્ટની નકલ , નિયત અરજી પત્રક સાથે વારસદારનું નિવેદન તથા સંમતિ પત્રક મળેથી વીજ વિતરણના તંત્રમાં વીજ અકસ્માત ઇલેક્ટ્રીક શોકથી થયેલ છે કે કેમ તેવું પ્રાથમિક તારણ મળ્યેથી આગળની વધુ તપાસ કર્યા વગર પ્રાથમિક સહાય રૂ. ૫૦,૦૦૦ ચૂકવવામાં આવે છે.
- ત્યારબાદ વિધુત નિરીક્ષકના આવેલ અહેવાલ પ્રમાણે એવું તારણ નીકળે કે સદર અકસ્માતનો ભોગ બનનારની ભૂલ કે જવાબદારી ઠેરવેલ ન હોયતેવા કિસ્સામાં તેના વૈધાનિક વારસદારોને માનનીય સુપ્રીમ કોર્ટના બાઈ-નંદા (Bai-Nanda) કેસની માર્ગ-દર્શિકા મુજબ તથા GUVNLના ૨૦૧૬ના પરિપત્ર

મુજબ જરૂરી દસ્તાવેજો જમા કરીએથી આખરી વળતર ચૂકવવામાં આવે છે. બાઈ-નંદાની માર્ગ-દર્શિકા મુજબ કરવામાં આવેલ ગણતરી અને રૂ. ૪ લાખ બેમાંથી જે વધુ હોય તે ચૂકવવામાં આવે છે .

- તેવી જ રીતે વીજ વિતરણ તંત્રમાં પ્રાણીને થયેલા પ્રાણઘાતક અકસ્માતના કિસ્સામાં પ્રાણીના પ્રકાર મુજબ વળતર મળવાપાત્ર છે.
- પ્રાણીઓના પ્રાણઘાતક અકસ્માતના કિસ્સામાં જરૂરી માહિતી જેમકે સ્થળ પંચનામુ, પોસ્ટ-મોર્ટમ રિપોર્ટ, માલિકનું નિવેદન, સાક્ષીઓનું નિવેદન (જો કોઈ હોય તો) વગેરે મળ્યે GUVNLના ૨૦૧૬ના પરિપત્ર મુજબ નિર્ધારિત અને લાગુ પડતી રકમના ૫૦% સહાય તરીકે ચૂકવવામાં આવે છ અને ચીફ ઇલેકટ્રીકલ ઇન્સ્પેકટરનો રિપોર્ટ મળ્યા બાદ બાકીની ૫૦% રકમ આપવામાં આવે છે.
- હાલમાં બિન પ્રાણ-ઘાતક અકસ્માતમાં કોઈ પણ વળતર આપવામાં આવતો નથી.પરંતુ તેવા કિસ્સાઓમાં પણ વળતર આપવાનું વિચારણા હેઠળ છે.
- વીજ અકસ્માતને ઘટાડવા માટે કેન્દ્ર સરકારની **રિવેમ્પ્ડ ડિસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ** (RDSS) યોજના અંતર્ગત ઓવર-હેડ વીજ લાઈનોને અંડર ગ્રાઉંડમાં રૂપાંતરિત તથા ઓવર-હેડ વીજ લાઈનોને ઈન્શ્યુલેટેડમાં રૂપાંતરિત કરવાનું અને નવીન ટેક્નોલૉજી વાળા અરથીંગ (Earthing) વગેરેનું આયોજન કરવામાં આવેલ છે. આ યોજનાની કામગીરી માટે આગામી બે વર્ષોમાં રૂ. ૧૦,૦૦૦ કરોડ ફાળવેલ છે. તદઉપરાંત વીજ કંપની દ્વારા સ્વ-ભંડોળમાંથી પણ વધારાની કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે.

**(૨) વીજ તંત્રના નેટવર્કમાં વીજ અકસ્માતને લીધે થતા માનવ મૃત્યુના કિસ્સામાં વળતર ચુકવવામાં બાઈ-નંદા કેસ મુજબ ગણતરી કેવી રીતે કરવામાં આવે છે?**

**છેલ્લા બે વર્ષમાં વીજ અકસ્માતને લીધે થતા માનવ મૃત્યુના કોઈ એક કિસ્સામાં સૌથી વધુ વળતર કેટલું ચૂકવેલ છે?**

**માનનીય ધારાસભ્યશ્રી – ભરતભાઇ પટેલ**

**જવાબ:**

- નામદાર સુપ્રિમ કોર્ટના હુકમ અને પરિપત્ર પ્રમાણે બાઇનંદા કેસની માર્ગદર્શિકા મુજબની ગણતરી એવી રીતે કરવામાં આવે છે કે જેમાં મરણ જનારની ઉંમર, આવક, તેના ઉપર આશ્રિતોની સંખ્યા અને આવકના આધારે તે કેટલો ખર્ચ કરી શકશે તેની ૬૦ વર્ષની ઉંમર સુધીની ગણતરી કરવામાં આવે છે.
- તેમજ તેની ૬૦ વર્ષની ઉંમર દરમિયાન જો તે વ્યક્તિ હયાત હોત તો કેટલી આવક કરી શકે તે ધ્યાને રાખી કુલ વળતરની રકમની ગણતરી કરવામાં આવે છે
- વધુમાં જણાવવાનું કે છેલ્લા બે વર્ષમાં વીજ અકસ્માતને લીધે થતા માનવ મૃત્યુના કોઈ એક કિસ્સામાં સૌથી વધુ વળતર ૧૨ લાખ ચૂકવેલ છે.
- કોઈ વીજ અકસ્માતની ઘટનાનો ભોગ બનેલ માનવી કે જેની ઉંમર ૪૦ વર્ષ હોય અને વ્યવસાયે નોકરી કે ધંધો કરીને વાર્ષિક ૨.૫ લાખ કમાતા હોય , આશ્રિતોમાં માતા-પિતા કે જેમની ઉંમર ૫૬ અને ૫૮ વર્ષ હોય, સદર માર્ગ-દર્શિકા મુજબ રૂ. ૩.૧૫ લાખ સહાય આપવાના થાય જે ૪ લાખથી ઓછા હોય વીજ અકસ્માતનો ભોગ બનનારના આશ્રિતોને રૂ. ૪ લાખ આખરી સહાય ચૂકવવામાં આવે છે.

- કોઈ વીજ અકસ્માતની ઘટનાનો ભોગ બનેલ માનવી કે જેની ઉમર ૨૩ વર્ષ હોય અને વ્યવસાયે નોકરી કે ધંધો કરીને વાર્ષિક ૨.૫ લાખ કમાતો હોય તો અને આશ્રિતોમાં માતા-પિતા કે જેમની ઉમર ૪૯ અને ૫૪ વર્ષ હોય, સદર માર્ગ-દર્શિકા મુજબ રૂ. ૫.૧૪ લાખ સહાય આપવાના થાય જે ૪ લાખથી વધુ હોય વીજ અકસ્માતનો ભોગ બનનારના આશ્રિતોને રૂ. ૫.૧૪ લાખ આખરી સહાય ચૂકવવામાં આવે છે.

## (૩) વીજ કંપનીના વિદ્યુત માળખામાં, વીજ કંપનીના ઉપકરણો થકી જો ખેડૂતને ઉભા પાકનુ અથવા લણેલા પાકનુ નુકસાન થાય તો તેવા કિસ્સાઓમાં વળતર અંગે શું જોગવાઈ છે?

### માનનીય ધારાસભ્યશ્રી – ત્રિકમભાઈ છાંગા

**જવાબ**

- ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા રચવામાં આવેલ રાજ્યની વીજ સલાહકાર સમિતિ દ્વારા સૂચવવામાં આવતા વીજ કંપનીના વિદ્યુત માળખામાં, વીજ કંપનીના ઉપકરણો થકી જો ખેડૂતને ઉભા પાકનુ અથવા લણેલા પાકનુ નુકસાન થાય તો નુકસાન પેટે ખેડૂતને વળતર મળી રહે તે માટે વીજ વિતરણ કંપની તરફથી વીમા કંપની પાસેથી "પાક વીમો" લેવામાં આવે છે. વીજ કંપનીએ જે વીમા કંપની પાસેથી લીધેલ "પાક વીમાં" ની શરતોને આધારે સબંધિત પક્ષોના નુકસાનીના સર્વે બાદ ખરેખર થયેલ નુકસાની સામે વળતર આપવામાં આવતું હોય છે.

- નુકસાનની રકમ વીમા કંપની દ્વારા વીજ નિરીક્ષક અને વીજ વિતરણ કંપનીના પ્રતિનિધિની અને અસરગ્રસ્ત ખેડૂતની હાજરીમાં આકારણી કરવામાં આવે છે. બળી ગયેલા પાકના નુકસાનના દિવસે નજીકના APMC દ્વારા સદર હું પાકના જાહેર કરાયેલ દર પ્રમાણે ગણતરી કરવામાં છે.

- ઉભા પાકના કિસ્સામાં આકારણી કરેલ નુકસાનના ૮૦% અને ખેતરમાં લણીને મૂકેલા પાકના કિસ્સામાં આકારણી કરેલ નુકસાનના ૯૦%ના દરે ચૂકવણી કરવામાં આવે છે.

## દાવો રજુ કરવા માટે અરજદાર/ ખેડૂત દ્વારા લેવાના પગલાં

- વીજ વિતરણના તંત્રને કારણે બળી ગયેલ પાકની માહિતી પેટા વિભાગીય કચેરીને ૨૪ કલાકમાં જાણ કરી દેવી.
- નુક્શાની પામેલ પાક વીમા કંપનીના સર્વેયર અને નુકશાની નકકી કરનાર સમિતિના સભ્યોની મુલાકાત સુધી જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં રહેવા દેવો.

## દાવા સાથે ખેડૂત દ્વારા આપવાની થતી માહિતીની યાદી.

1. ખેડૂતના માલિકપણાની ખાત્રી માટેના પુરાવા જેવા કે, ૭/૧૨નો ઉતારો, પેઢીનામું, માલિકીપણાનો અન્ય કોઈ પુરાવો.
2. દાવાની ચૂકવણી ECS થી બેંકના ખાતા મારફત કરવાની હોવાથી, રદ કરેલા ચેકની કોપી અથવા બેંકની પાસબુકના પહેલા પાનાની ઝેરોક્ષ જેમાં ખેડૂતનું પૂરૂ નામ, ખેડૂતનો બેંકનો ખાતા નંબર, બેંક અને બેંકની શાખાનું નામ, બેંકની શાખાનો IFSC કોડ અને MICR કોડ.
3. ૭/૧૨ પ્રમાણે સંયુકત માલિકી કે અન્યના સંજોગોમાં અન્ય માલીકો તરફથી NOC (વાંધો નહોવા બાબતનું પ્રમાણપત્ર) મેળવેલ હોવું જોઈશે.
4. નોટરી સમક્ષ હાજર થઈ નિયત ફોર્મમાં ૩૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર બાંહેધરી પત્ર.

ગ્રાહકોની સુવીધા માટે પાક વીમા પોલીસીની વિગત અને અંતર્ગત કરવાની થતી કાર્યવાહીની વિગત જે તે વીજ વિતરણ કંપનીઓ દ્વારા પોતાની વેબસાઈટ પર મુકવામાં આવે છે.